# વી.એન્ડ. સી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ

## પ્રથમ સત્રાંત પરીક્ષા - ૨૦૧૭-૧૮

તારીખ : ૨૦-૯-૨૦૧૭ ધોરણ : ૧૦ ગુણ : ૮૦
સમય : 3 કલાક વિષય : ગુજરાતી

(i) The question paper is divided into four sections:

Sections - A Reading comprehension - 15

Sections - B Writing - 25

Sections - C Grammar - 15

Sections - D Literature (text book) - 25

(ii) Marks are indicated against each question.

(iii) All questions are compulsory.

## Section - A

## Reading Comprehension

પ્ર. ૧.(અ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો આપેલા વિકલ્પોમાંથી શોધીને લખો. (૫)

પ્રાણીમાત્ર તરફ સમભાવ, અનુકૂળ ભાવ રાખવો તે અહિંસા. મનુષ્ય જ નહિ પરંતુ પશુપક્ષી, કૃમિકીટ આદિ તમામ જીવો પ્રત્યે એ ભાવના કાયમ રહેવી જોઈએ. આપણા દેશમાં પશુપક્ષીઓને ન મારવાં અને બનતાં સુધી કૃમિકીટોને પણ બચાવી લેવાં એટલો જ અહિંસાનો અર્થ અહીં માનવામાં આવતો હતો. કોઈનું ખૂન કરવું એ તો હિંસા છે જ; પરંતુ કોઈ માણસના શ્રમનો અનુચિત લાભ ઉઠાવવો એ પણ હિંસા છે. દુનિયામાં ચાલતી સૌથી મોટી હિંસા એ છે. એમાંથી જ યુદ્ધ વગેરે હિંસાનાં ભયાનક રૂપો પ્રગટ થાય છે. પોતાના સુખ, આરામ અને ફાયદાને માટે બીજાનાં સુખ, આરામ અને હિત પ્રત્યે બેદરકાર બનવું એ છે રોજની હિંસા. એનાથી બચવા માટે રોજ પોતાના અંતરને ઢંઢોળી જોવું જોઈએ કે મેં મારા કોઈ સાથી પ્રત્યે પોતાની જાત ચોરીને બીજાના ઉપર કામનો બોજો તો નથી નાખ્યો? પોતાના પાડોશીને બીમાર જોયા છતાંય તેની સેવા માટે જવાનું મેં ટાળ્યું તો નથી? આ હિંસાના લક્ષણ છે. જેટલા જેટલા માણસોના સંબંધમાં આપણે આવીએ છીએ તેમના બધાના પ્રત્યે સ્વભાવથી જ નાજુક ખ્યાલ રાખવા એ અહિંસાનું સાચું સ્વરૂપ છે. પોતાના નિત્યના વર્તનમાં જો આપણે સ્વભાવથી જ અહિંસાનું પાલન કરતા રહીશું તો જ કસોટીને વખતે આપણાથી અહિંસાનું પાલન થઈ શકશે.

- કાકા કાલેલકર

પ્રશ્નો :

૧. સામાન્ય માણસ અહિંસાનો શો અર્થ કરે છે?
   - અ) પ્રાણીમાત્ર તરફ સમભાવ, અનુકૂળ ભાવ રાખવો તે અહિંસા.
   - બ) ફક્ત પોતાનાજ વ્યક્તિઓ તરફ પ્રેમ અને લાગણી રાખવી તે અહિંસા.
   - ક) કોઈની પણ વિના કારણે હત્યા ન કરવી તે અહિંસા.

૨. લેખકના મને હિંસાનો શો અર્થ છે?
   - અ) કોઈ પણ પશુ-પક્ષી કે પ્રાણીમાત્રની હત્યા કરવી તે હિંસા છે.
   - બ) કોઈ પણ માણસના શ્રમનો અનુચિત લાભ ઉઠાવવો તે પણ હિંસા છે.
   - ક) અંદરો અંદર ઈર્ષા કરીને લડી મરવું તે હિંસા છે.

(P.T.O.)

૩. નિત્ય જીવનમાં માનવી ક્યાં ક્યાં હિંસા કરી બેસે છે?

અ) નિત્ય જીવનમાં માનવી નાના નાના જીવજંતુઓનું ધ્યાન ન રાખતાં હિંસા કરી બેસે છે.

બ) પોતાના સુખ, આરામ અને ફાયદાને માટે બીજાનાં સુખ, આરામ અને હિત પ્રત્યે બેદરકાર બનવું એ છે રોજની હિંસા.

ક) પોતાના ખોરાક માટે નિર્દોષ અને અબોલા પશુ - પક્ષીઓના માંસને ખાવું તે નિત્ય હિંસા છે.

૪. અહિંસાનું નિત્ય પાલન થઈ શકે તે માટે કઈ રીતે જીવન ઘડવું જોઈએ?

અ) અહિંસાનું નિત્ય પાલન કરવા માટે આપણે આપણા પાડોશીને બધી જ મદદ કરવી જોઈએ.

બ) આપણા પોતાના વર્તનમાં હંમેશાં આપણે સ્વભાવથી જ અહિંસાનું પાલન કરતા રહેવાય તે રીતે જીવન ઘડવું જોઈએ.

ક) આપણે દરરોજ ફળો અને શાકભાજી જ ખાવા જોઈએ. પ્રાણીઓનું માંસ ન ખાવું જોઈએ. એ રીતે જીવન ઘડવું જોઈએ.

૫. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

અ) અહિંસાનું માનવજીવનમાં સ્થાન

બ) સત્યપાલન એ જ અહિંસા

ક) અહિંસાનો અર્થ

(બ) નીચે આપેલો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો વિકલ્પોમાંથી શોધીને લખો. (૫)

''ધર્મ અને ધર્મસ્થાપકોએ દુનિયાના ઈતિહાસમાં મહત્વનો ભાગ ભજવ્યો છે અને ઈતિહાસના કોઈ પણ નિરૂપણમાં આપણે તેની અવગણના ના કરી શકીએ. પરંતુ તેમને વિશે લખવામાં મને કોઈક મુશ્કેલી નડે છે. મહાન ધર્મોના સંસ્થાપકો જગતના સૌથી મહાન અને ઉમદા પુરુષો હતા. એ તો બધા નિર્વિવાદ છે. પરંતુ તેમના ઘણાખરા શિષ્યો અને અનુયાયીઓ તો મહાન કે ઉમદા નહોતા. ધર્મ તો આપણા વિકાસને અર્થે અને આપણને વધારે સારા અને ઉન્નત કરવા અર્થે છે, પરંતુ તેણે માણસોને પશુની પેઠે વર્તતા કર્યા છે એમ આપણે ઘણીવાર ઈતિહાસમાં જોઈએ છીએ. લોકોને જ્ઞાનનો પ્રકાશ આપવાને બદલે ધર્મ અને ધર્મના અનુયાયીઓએ ઘણીવાર તેમને અંધકારમાં રાખવા પ્રયત્ન કર્યો છે. તથા તેમના મન ઉદાર કરવાને બદલે તેમને સંકુચિત મનનાં અને બીજાઓ તથા બીજા ધર્મ કે જ્ઞાતિના લોકો પ્રત્યે અસહિષ્ણુ બનાવ્યા છે. ધર્મને નામે મહાન અને ઉદાત્ર કાર્યો ઘણીવાર થયાં છે. એ ખરું, પરંતુ આ જ ધર્મને નામે લાખો નિર્દોષ માણસોની કતલો પણ થઈ છે તથા હરકોઈ પ્રકારના ગુનાઓ પણ થયા છે. આમ તો ધર્મ માનવતાની રક્ષા કાજે છે છતાં ધર્મના કારણે કેટલીયવાર માનવતાને મરી પરવારેલી જોવી પડી છે.

પ્રશ્નો :

૧. દુનિયાના ઈતિહાસમાં કોણે મહત્વનો ભાગ ભજવ્યો છે?

અ) રાજનેતાઓએ  બ) હિંદુઓએ

ક) મુસલમાનોએ  ડ) ધર્મસ્થાપકોએ

૨. ધર્મના સ્થાપકો કેવા હતા? એ વાત નિર્વિવાદ છે?

અ) જગતના સૌથી મહાન અને ઉમદા પુરુષો હતા.

બ) સૌથી શક્તિશાળી અને બુદ્ધિશાળી પુરુષો હતા.

ક) જગતના સૌથી નબળા અને શક્તિહીન વ્યક્તિઓ હતા.

ડ) જગતના અંતરિયાળ વિસ્તારમાં રહેનારા અભણ આદિવાસીઓ હતા.

૩. ધર્મ શેના માટે છે?

અ) ધર્મ આપણને આધ્યાત્મિક બનાવવા માટે છે

બ) ધર્મ આપણને બીજા ધર્મ સાથે લડી મરવા માટે છે.

ક) ધર્મ આપણને પોત-પોતાની જ્ઞાતિ અને ધર્મના વાડાઓ ઊભા કરવા માટે છે.

ડ) ધર્મ આપણા વિકાસને અર્થ અને આપણને વધારે સારા અને ઉન્નત માર્ગે લઈ જવા માટે છે.



(P.T.O.)

૪. ઘણીવાર ધર્મએ માણસને કેવો બનાવેલો જોવા મળે છે?

અ) ઘણીવાર ધર્મએ માણસને બગાડ્યો છે.

બ) સંકુચિત અને અસહિષ્ણુ.

ક) ધર્મએ માણસને હંમેશા ગુનેગાર જ બનાવ્યો છે.

ડ) ધર્મએ માણસને નિરંકુશ બનાવ્યો છે.

૫. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

અ) અસત્ય એ જ ધર્મ.

બ) માનવતા એ જ ધર્મ

ક) ભક્તિ એ જ ધર્મ

ડ) પૂજા એ જ ધર્મ.

(ક) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબો આપેલા વિકલ્પોમાંથી શોધી લખો. (૫)

આપણે ભરોસે આપણા હાલીએ,
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણ હાલીએ.
એક મહેનતના હાથને ઝાલીએ,
હો ભેરુ મારા આપણે ભરોસે આપણ હાલીએ.
ખુદનો ભરોસો જેને હોય નહીં રે તેને
ખુદાનો ભરોસો નકામ,
છો ને, એકતારે, ગાઈ ગાઈને કહે,
'તારે ભરોસે, રામ!'
એ તો ખોટું રે ખોટું પિછાણીએ, હો ભેરુ,
બળને બાહુમાં ભરી હૈયામાં હામ ભરી,
સાગર મોઝારે ઝુકાવીએ,
આપણા વહાણના સઢને સુકાનને,
આપણે જ હાથે સંભાળીએ, હો ભેરું
કોણ રે ડુબાડે વળી કોણ રે ઉગારે,
કોણ લઈ જાય સામે પાર,
એનો કરવૈયો કો આપણી બહાર નહીં,
આપણે જ આપણે છઈએ, હો ભેરુ.

- પ્રહલાદ પારેખ

પ્રશ્નો :-

૧. કવિ કોના ભરોસે હાલવાની વાત કરે છે?

અ) કવિ આપણા પોતાના જ ભરોસે હાલવાની વાત કરે છે.

બ) કવિ જગતના લોકોના ભરોસે હાલવાની વાત કરે છે.

ક) કવિ પાડોશીઓના ભરોસે હાલવાની વાત કરે છે.

૨. કવિ કોનો હાથ ઝાલવાની વાત કરે છે?

અ) કવિ મહેનતનો હાથ ઝાલવાની વાત કરે છે.

બ) કવિ બુદ્ધિશાળીઓનો હાથ ઝાલવાની વાત કરે છે.

ક) કવિ માતા-પિતાનો હાથ ઝાલવાની વાત કરે છે.

૩. જેને ખુદનો ભરોસો ના હોય તેને કોનો ભરોસો નકામો છે?

અ) જેને ખુદનો ભરોસોના હોય તેને મિત્રનો ભરોસો નકામો છે.

(P.T.O.)

બ) જેને ખુદનો ભરોસો ન હોય તેને માતા-પિતાનો ભરોસો નકામો છે.

ક) જેને ખુદનો ભરોસો ન હોય તેને ખુદાનો ભરોસો નકામો છે.

૪. કવિ આપણઆ હાથે શું સંભાળવાની વાત કરે છે?

અ) આપણા મિત્રને આપણઆ હાથે સંભાળવાની.

બ) આપણા વહાણના સઢ ને સુકાનને આપણા જ હાથે સંભાળવાની.

ક) આપણા ધર્મ તથા ધર્મગુરુઓને આપણા જ હાથે સંભાળવાની.

૫. આ કાવ્યને યોગ્ય શીર્ષક શું હોઈ શકે?

અ) ખુદાને ભરોસે.

બ) આપણે ભરોસે.

ક) તારે ભરોસે રામ.

## Section - B

## Writing

પ્ર. ૨ (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર આશરે ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો. (૮)

૧) વિજ્ઞાનના લાભાલાભ

૨) જીવનમાં સમયનું મહત્વ

૩) વર્ષાઋતુ

૪) એક પુસ્તકની આત્મકથા

(બ) નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા રચના કરી તેને યોગ્ય શીર્ષક આપો. (૬)

એક ગધેડો - જંગલમાં ભ્રમણ - ખોરાક મેળવવા માટે આમ તેમ ભટકવું- ખાવાનું કંઈ જ ન મળવું - ક્યાંથી સિંહનું ચામડું મળવું - ગધેડાનો વિચાર - ખોરાક મેળવવાનો ઉપાય - સિંહનું ચામડું પહેરી લેવું - સિંહની જેમ સૌને ડરાવવા - ગામડામાં જવું - લોકોની નાસભાગ - ખોરાક મળવો - આનંદમાં આવી હોં...ચી....હોંચી.... બોલવું - લોકોને ખબર પડી જવી - પથ્થર અને ડફણાંથી ગધેડાને મારવો - ગધેડાનું બેહોશ થઈ ઢળી પડવું - બોધ - શીર્ષક

(ક) પત્રલેખન : (૬)

ચિત્ર સ્પર્ધામાં ઉત્તમ દેખાવ કરી પ્રથમ નંબરે આવેલી તમારી નાની બહેનને અભિનંદન આપતો પત્ર લખો.

અથવા

વધુ વરસાદને કારણે તૂટી ગયેલા રસ્તાઓનું ઝડપી સમારકામ કરાવવા નગરપાલિકા અધિકારીને પત્ર લખો.

(ડ) 'અમૂલ દૂધના' વેચાણને વધારવા અંગેની જાહેરાત બનાવો. (૫)

## Section - C

## Grammar

પ્ર.૩ (અ) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો. (૩)

૧) ડાગળી ચસકી જવી.

૨) પાયાના પથ્થર થવું.

૩) આંખ ન ઊઘડવી.

(બ) માગ્યા પ્રમાણે લખો. (૩)

ક) નીચેના શબ્દોની સંધિ છોડો

૧) પીતાંબર ૨) શાળોપયોગી

ખ) નીચેના શબ્દોની સંધિ જોડો.

૧) ચિંતા+આતુર ૨) સત+નારી

ડ) નીચેના શબ્દોની જોડણી સુધારો.

૧) સૃષ્ટી ૨) આઈસ્ક્રિમ

(ક) માગ્યા પ્રમાણે લખો. (૩)

ક) નીચેના શબ્દોના વિરોધી અર્થ આપો.

૧) આવક × ૨) મુક્તિ ×

ખ) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ આપો.

૧) દાણ ૨) પારિતોષિક

ગ) નીચેના શબ્દોના સમાસ ઓળખાવો.

૧) ધારાસભા ૨) નવરાત્રિ

(ડ) નીચેનાં અશુદ્ધ વાક્યો સુધારીને ફરીથી લખો. (૨)

૧) જર્મની ઉદ્યોગ-ધંધાની દૃષ્ટિએ ઘણી આગળ વધેલી દેશ છે.

૨) હવે તો જાનૈયાઓએ પણ મીરનો મશ્કરી શરૂ કરી હતી.

(ઈ) નીચેની કહેવતોનો અર્થ આપો. (૨)

૧) જાનમાં કોઈ જાણે નહિ, ને હું વરની ફૂઈ.

૨) આપ સમાન બળ નહિ, મેઘ સમાન જળ નહિ.

(ઇ) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (૨)

૧) વેપાર ધંધા વગેરેમાં રકમ લઈને કામ કરનાર વ્યક્તિ.

૨) ઘૂમરી લઈને વાતો ભારે પવન.

## Section - D

## Litrature (Text book)

પ્ર.૪ (અ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો. (૪)

વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ઈ.સ. ૧૯૪૦ માં ખેડા જિલ્લાના ખેડૂતો સાથે મળીને સહકારી મંડળીની સ્થાપના કરી. તે સમયે ખેડૂતો પાસેથી ખૂબ ઓછા ભાવે દુધ ખરીદીને મુંબઈમાં ઊંચા દામે દૂધ વેચતી ‘પોલસન’ કંપનીથી ખેડૂતો ત્રાસેલા હતા. બધાએ ભેગા મળી ‘ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ’ ની શરૂઆત કરી. ઈ.સ. ૧૯૫૦ થી ડૉ. વર્ગીસ કુરિયનનો સાથ મળતા બંન્નેની જુગલબંધી જામી અને અમૂલ ડેરીનો વિકાસ હરણફાળે વિસ્તર્યો. સહકારી મંડળીની સ્થાપના અંગેના વિચારબીજનું વાવેતર કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ હતા; તેના સ્વપ્નદૃષ્ટા હતા ત્રિભુવનદાસ પટેલ અને તે સ્વપ્નના શિલ્પી હતા ડૉ. વર્ગીસ કુરિયન લગભગ ચાર દાયકાઓ સુધી બંનેએ ખભેખભો મિલાવીને ‘અમૂલ બ્રાન્ડ’ ને સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધિ અપાવી.

પ્રશ્નો :

૧) વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શેની શરૂઆત થઈ? ક્યારે?

૨) ખેડૂતો શેનાથી ત્રાસેલા હતા? આખરે તેમણે શું કર્યું?

૩) સ્વપ્નદૃષ્ટા અને સ્વપ્નના શિલ્પી કોણ હતા? તેમણે શું કર્યું?

૪) સહકારી મંડળીની સ્થાપના અંગેના વિચાર બીજનું વાવેતર કરનાર કોણ હતા?

(બ) નીચેનામાંથી ગમે તે બે વિધાનોના કારણો આપો. (૪)

૧. દાદમાં મળેલા પૈસા રમઝુમીર ગરવીને આપી દે છે કારણ કે....

૨. ડૉ. વર્ગીસ કુરિયન ત્રિભુવનદાસ પટેલને પોતાના ગુરુ અને માર્ગર્શક માનતા કારણ કે....

૩. આપણે ખોરાકનો બગાડ ન કરવો જોઈએ કારણ કે....

(ક) નીચેનામાંથી ગમે તે એક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. (૨)

૧. અંબારામ ભદ્રંભદ્રના વેગ માટે કઈ ઘટના યાદ કરાવે છે.

૨. ‘સૂર્યને જોવા માટે લેખક મહાબળેશ્વર કરતાં આબુ જવું? એમ શા માટે કહે છે?

(ડ) નીચેનામાંથી ગમે તે એક પ્રશ્નનો સવિસ્તર જવાબ આપો. (૪)

૧. ‘શરણાઈના સૂર’ કૃતિને આધારે પિતાની વેદનાનું વર્ણન કરો.

૨. સહકારી ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે કુરિયને આપેલો ફાળો પાઠને આધારે વર્ણવો.

પ્ર.૫. (અ) નીચેની કાવ્યપંક્તિ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (૨)

વમળોની વચ્ચે નૈયા મુજ હાલક ડોલક થાજો;
શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીએ ઓલવાજો!
મારું જીવન અંજલિ થાજો!

પ્રશ્નો :

૧. નૈયા ક્યાં હાલકડોલક થાય છે?

૨. કવિ કેવા દિપકને ન ઓલવજો એમ કહે છે?

(બ) નીચે આપેલી કાવ્યપંક્તિ સમજાવો. (૨)

૧. ટ્હોકી ઊઠ્યો તરત વગડો, સીમ સોણે ગઈ ત્યાં,
ગાગે-ગાગે હરખ ઊઘલ્યો, ઘુઘવ્યાં પૂર આઘાં.

(ક) નીચેનામાંથી ગમે તે એક પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં જવાબ આપો. (૨)

૧. 'મોરલી' કાવ્યના આધારે કૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.

૨. ધન, સત્તા અને કીર્તિનું કામ નથી એમ કવિ શા માટે કહે છે?

(ડ) નીચેનામાંથી ગમે તે ચાર પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ આપો. (૪)

૧. 'મોરલી' કાવ્યમાં વ્હાલો શબ્દ કોના માટે વપરાયો છે?

૨. 'મોરલી' કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.

૩. 'જીવન અંજલિ થાજો' કાવ્યમાં કવિ પોતાના જીવનને કેવું બનાવવા માંગે છે?

૪. 'જીવમાં જીવ આવ્યો' કાવ્યના કવિનું નામ આપો.

૫. 'હાથમાં ઉષ્મા અને થડકો' કહીને કવિ કયા કયા ભાવને ભેળવવાની વાત કરે છે?

Best of Luck.